# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/પરીક્ષા/૭૯/ ૨૦૨૬ તા.૧૩/૦૧/૨૦૨૬

## સેમેસ્ટર – ૨,૪,૬,૮ ના પરીક્ષાના આવેદનપત્ર ભરવા બાબત

**પરિપત્ર-૬૧**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, ગ્રામીણ, સમાજ કાર્ય, શિક્ષણ, વ્યવસ્થાપન, કમ્પ્યુટર સાયન્સ, ડીપ્લોમાં અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, નીચે મુજબના અભ્યાસક્રમોમાં ન્યુ અને ઓલ્ડ કોર્સમાં એનરોલ/રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓના રેગ્યુલર અને પાર્ટ પરીક્ષાના આવેદન પત્રો (એક્ઝામ ફોર્મ) નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Examination | Sem | Fees | | | | Last Date to Submit Exam Form with Regular Fees | Last date to submit checklist at the university |
|---|---|---|---|---|---|---|---|
| | | Exam Fees | Practical Fees | Form Fees | Total Fees | | |
| B.A. | 2,4,6 | 240 | 55* | 25 | 320 | 10/02/2026 | 13/02/2026 |
| B.Com. | 2,4,6 | 240 | 55* | 25 | 320 | 10/02/2026 | 13/02/2026 |
| B.Sc. | 2,4 | 240 | 165** | 25 | 430 | 10/02/2026 | 13/02/2026 |
| B.Sc. | 6 | 240 | 330** | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| B.C.A. | 2,4,6 | 295 | 275 | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| B.S.W. | 2,4,6 | 295 | 275 | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| B.B.A. | 2,4,6 | 295 | 275 | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| B.R.S. | 2,4,6 | 635 | 0 | 25 | 660 | 10/02/2026 | 13/02/2026 |
| LL.B. | 2,4 | 295 | 0 | 25 | 320 | 10/02/2026 | 13/02/2026 |
| LL.B. | 6 | 625 | 0 | 25 | 650 | 10/02/2026 | 13/02/2026 |
| B.Des. (AFD) | 2,4,6 | 225 | 0 | 25 | 250 | 28/01/2026 | 30/01/2026 |
| B.R.S.(H) | 2,4,6,8 | 635 | 0 | 25 | 660 | 28/01/2026 | 30/01/2026 |
| B.Ed. | 2 | 240 | 0 | 25 | 265 | 10/02/2026 | 13/02/2026 |
| B.Ed. | 4 | 240 | 275 | 25 | 540 | 28/01/2026 | 30/01/2026 |
| M.A. | 2,4 | 570 | 220*** | 25 | 815 | 10/02/2026 | 13/02/2026 |
| M.Com. | 2,4 | 570 | 0 | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| M.Sc. | 2,4 | 570 | 220 | 25 | 815 | 10/02/2026 | 13/02/2026 |
| M.R.S. | 2 | 1100 | 0 | 25 | 1125 | 28/01/2026 | 30/01/2026 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| M.R.S. | 4 | 1100 | 550 | 25 | 1675 | 28/01/2026 | 30/01/2026 |
| M.S.W. | 2 | 570 | 0 | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| M.S.W. | 4 | 570 | 550 | 25 | 1145 | 28/01/2026 | 30/01/2026 |
| M.Ed. | 2 | 570 | 0 | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| M.Ed. | 4 | 570 | 550 | 25 | 1145 | 28/01/2026 | 30/01/2026 |
| LL.M. | 2 | 570 | 0 | 25 | 595 | 10/02/2026 | 13/02/2026 |
| LL.M. | 4 | 570 | 0 | 25 | 595 | 28/01/2026 | 30/01/2026 |
| D.F.S. | 2 | 175 | 0 | 25 | 200 | 28/01/2026 | 30/01/2026 |
| B.A.LL.B. | 2 | 560 | 0 | 25 | 585 | 28/01/2026 | 30/01/2026 |
| M.C.A. | 2 | 1175 | 0 | 25 | 1200 | 28/01/2026 | 30/01/2026 |
| M.B.A. | 2 | 1175 | 0 | 25 | 1200 | 28/01/2026 | 30/01/2026 |
| M. Lib. | 2 | 1175 | 0 | 25 | 1200 | 28/01/2026 | 30/01/2026 |
| M.P.E.S. | 2 | 1175 | 0 | 25 | 1200 | 28/01/2026 | 30/01/2026 |

**પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :**

- *એકેડેમિક કાઉન્સિલની તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં નિયત થયા અનુસાર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં વર્ષ : ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની અંતિમ તક હશે. આ પરીક્ષા બાદ તેમના એનરોલમેન્ટ/પ્રવેશ રદ્દ કરવામાં આવશે. તથા અનુસ્નાતક અભ્યાસક્રમમાં વર્ષ: ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની અંતિમ તક હશે. આ પરીક્ષા બાદ તેમના એનરોલમેન્ટ/પ્રવેશ રદ્દ કરવામાં આવશે.*
- *સંબંધિત કોલેજોએ પરીક્ષા આવેદનપત્રમાં વિદ્યાર્થીની જવાબની ભાષા ખાસ તકેદારી રાખી સિલેક્ટ કરવાની રહેશે. પ્રશ્નપત્રોની ગુજરાતી અને અંગ્રેજી ભાષાની નકલો ફક્ત એ મુજબ જ મોકલવામાં આવશે. (જે અભ્યાસક્રમો/વિષયોમાં માત્ર એક ભાષામાં જ પ્રશ્નપત્રો આવતા હોય તેમને આ બાબત લાગુ પડશે નહી.)*
- *વિદ્યાર્થીના પરીક્ષાના આવેદનપત્રોની વિદ્યાર્થીઓ પાસેથી ચકાસણી કરાવી લેવી જો કોઈ ક્ષતિ જણાય તો યુનિવર્સીટી ખાતે આવેદનપત્ર જમા કરાવતી વખતે જણાવવું.*
- સંબંધિત વિભાગો/કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.
- પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

- વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત વિભાગના અધ્યક્ષશ્રી/કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.
- પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા Apply Online ➡ SBI Online Payment માં ➡ University Exam Fees માં NEFT/RTGS/Cash Challan થી ભરવાની રહેશે.
- યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદન પત્રનું ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
- કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહી, જેની ખાસ નોંધ લેવી.
- આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ *(ઓલ્ડ અને ન્યુ ERP નો અલગ-અલગ)* યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં નીચે અભ્યાસક્રમ સામે દર્શાવેલ સમય-પત્રક અનુસાર અથવા તે પહેલા ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી). યુનિવર્સિટી ખાતે ચેકલીસ્ટ અને ફી ની રીસીપ્ટ જમા કરાવવાની નિયત તારીખ બાદ આવેલ ફોર્મના સંદર્ભમાં પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૫/- લેટ ફી લાગુ થશે.

નોંધ:

- * બી.એ. તથા બી.કોમ. અભ્યાસક્રમમાં જે વિષયમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તેવા વિષય માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૩૨૦/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૬૫/- લેવાની રહેશે.
- ** ફક્ત **બી.એસસી.** અભ્યાસક્રમમાં **સેમેસ્ટર-૨** તથા **સેમેસ્ટર-૪** પ્રાયોગિક પરીક્ષા ફી અને **સેમેસ્ટર-૬** (માઈનર વિષયની) પ્રાયોગિક પરીક્ષા ફી. રૂ. ૧૬૫/- કોલેજે વિદ્યાર્થી પાસેથી લઈ પોતાની પાસે રાખવાની રહેશે. આ ફી યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની નથી. તેમજ સેમેસ્ટર-૬ (મેજર વિષયની) પ્રાયોગિક પરીક્ષા ફી રૂ.૧૬૫/- વિદ્યાર્થી દીઠ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની રહેશે.

# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)
## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


- *** **એમ.એ.** અભ્યાસક્રમમાં જે વિષયમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૮૧૫/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૫૯૫/- લેવાની રહેશે.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.
- **બી.એડ્. સેમેસ્ટર-૪ અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે વિદ્યાર્થી પાસેથી લઈ પોતાની પાસે રાખવાની રહેશે. આ ફી યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની નથી. કોલેજે તેમાંથી વાર્ષિકપાઠના ખર્ચનું આયોજન કરવાનું રહેશે.**
- બી.એડ્. અભ્યાસક્રમની વાર્ષિક પાઠની તારીખ ધ્યાને લઇ તે અનુસાર કાર્યવાહી હાથ ધરી લેવી તથા જરૂરી આયોજનો આપની કક્ષાએથી કરી લેવા.

પરીક્ષા નિયામક (ઓ.એસ.ડી.)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા)

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, ગ્રામીણ, સમાજ કાર્ય, શિક્ષણ, વ્યવસ્થાપન, કમ્પ્યુટર સાયન્સ, ડીપ્લોમાં અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.